**Kamlesh D. Khunt**
B.Com., LL.B.
ADVOCATE & NOTARY
( Govt. of INDIA )
Mo. : 98253 74551



તારીખ : ૦૧/૦૮/૨૦૨૨

## ।। ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ ।।

આથી હમો એડવોકેટ **શ્રી કમલેશ ડી ખૂંટ**, તે **વિશ્વાસકુમાર કાંતીલાલ, કામીનીબેન વિશ્વાસકુમાર પટેલ, ઉજાસકુમાર વિશ્વાસકુમાર પટેલ તથા હેતલબેન ભરતભાઈ પટેલ**ના તરફથી મળેલ સુચના અને ફરમાયેશ અન્વયે નીચે જણાવેલ વર્ણનવાળી મિલકત અંગે જરૂરી મારા તરફથી નીચે મુજબ ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ આપવામાં આવે છે.

NOTARY KAMLESH D. KHUNT SURAT CITY (GUJ) GOVT. OF INDIA

## :: મિલકતનું વર્ણન ::

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ કામરેજ તાલુકાનાં **મોજે ગામ : પાસોદરા**ના બ્લોક નંબર : ૧૩૨, **રી-સર્વે બાદ નવો બ્લોક નંબર : ૧૬૮**, સીટી સર્વે કચેરી : સુરત-૩, **સીટી સર્વે વોર્ડ : પાસાદરા (બિનખેતી)**, શીટ નંબર : NA૯૯, **સીટી સર્વે નંબર : NA૧૬૮** થી નોંધાયેલ બિનખેતીની જમીન કે જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૫-૧૨ ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીન દરોબસ્ત.

ઉપરોકત જમીન-મિલકત અંગેના રેવન્યુ રેકર્ડ તથા મારી રૂબરૂ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા માલુમ પડે છે કે....

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ કામરેજ નાં મોજે ગામ : પાસોદરાનાં રેવન્યુ સર્વે નંબર : ૧૧૭ થી નોંધાયેલી જમીનનાં મુળ માલીક ભગુભાઈ દુર્લભભાઈના કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલ.

ત્યારબાદ મોજે ગામ : પાસોદરામાં સરકારશ્રી દ્વારા એકત્રીકરણ યોજના અમલમાં આવતાં પાસોદરા ગામના રેવન્યુ સર્વે નંબર : ૧૧૭ વાળી જમીનને બ્લોક નંબર : ૧૩૨ આપવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૪૪૬ થી તારીખ : ૧૬/૦૯/૧૯૭૫ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનનાં માલીક ભગુભાઈ દુર્લભભાઈએ સદર જમીન સહીતની અન્ય જમીનોમાં તેમનાં વારસદારોનાં નામો સામાયિકપણામાં દાખલ કર્યા બાદ સદર જમીનોની કૌટુંબીક વહેંચણી કરતાં સદર જમીન મુકેશભાઈ ઠાકોરભાઈનાં હિસ્સે આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૬૪૧ થી તારીખ : ૧૮/૧૦/૧૯૮૦ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૧૮/૧૧/૧૯૮૦ નાં રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનનાં માલીક મુકેશભાઈ ઠાકોરભાઈ પાસેથી સદર જમીન કાન્તીભાઈ કાળીદાસએ વેચાણ રાખેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૮૪૦ થી તારીખ : ૦૮/૦૭/૧૯૮૭ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૨૦/૦૮/૧૯૮૭ નાં રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનનાં માલીક કાંતિભાઈ કાળીદાસએ સદર જમીનમાં તેમનાં સીધીલીટીનાં વારસદાર ગીતાબેન કાંતિલાલ તથા વિશ્વાસકુમાર કાંતિલાલનાં નામો સામાયિકપણામાં દાખલ કરાવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૧૨૨૫ થી તારીખ : ૧૦/૦૧/૧૯૯૯ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનનાં માલીક કાંતિભાઈ કાલીદાસ, ગીતાબેન કાંતિલાલ તથા વિશ્વાસકુમાર કાંતીલાલ પૈકી વિશ્વાસકુમાર કાંતીલાલએ પેઢીનામામાં જણાવ્યા મુજબ તેમની સીધીલીટીનાં વારસદાર તરીકે

**Kamlesh D. Khunt**
B.Com., LL.B.
ADVOCATE & NOTARY
( Govt. of INDIA )
Mo. : 98253 74551



કામીનીબેન વિશ્વાસકુમાર પટેલ તથા ઉજાસકુમાર વિશ્વાસકુમાર પટેલનાં નામો સદર જમીનમાં દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૨૪૪૦ થી તારીખ : ૦૮/૦૮/૨૦૧૪ નાં રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૩૦/૦૯/૨૦૧૪ નાં રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનનાં રી-સર્વે બાબતે મહે. પ્રાંત અધિકારી, કામરેજ પ્રાંત, સુરતનાંએ તેમનાં નોટીસ નંબર : એ.ડી.એમ./રેકર્ડ/પ્રમોલગેશન/૨૦૧૬ થી તારીખ : ૦૪/૦૩/૨૦૧૬ ના રોજથી જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ. ત્યારબાદ મામલતદારશ્રી, કામરેજ દ્વારા તમામ રેકર્ડની ચકાસણી કર્યા બાદ પ્રાંત અધિકારી, કામરેજ પ્રાંત, સુરતનાંએ તેમનાં હુકમ નંબર : જમીન/રી-સર્વે/પ્રમોલગેશન/પાસોદરા/૨૦૧૬ થી તારીખ : ૧૨/૦૫/૨૦૧૬ ના રોજ રી-સર્વે સંબંધી રેકર્ડનું પ્રમોલગેશન કરી આખરી કરવામાં આવેલ અને એ રીતે સદરહુ બ્લોક નંબર : ૧૩૨ વાળી જમીનને રી-સર્વે બાદ **નવો બ્લોક નંબર : ૧૬૮** ફાળવવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૨૭૦૫ થી તારીખ : ૧૩/૦૫/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનનાં માલીકો પૈકી ગીતાબેન કાંતિલાલનું તારીખ : ૧૫/૧૧/૨૦૧૭ નાં રોજ અવસાન થતાં તેમજ કાંતિભાઇ કાલીદાસનું તારીખ : ૦૭/૧૦/૨૦૨૧ નાં રોજ અવસાન થતાં તેમની સીધીલીટીનાં વારસદાર તરીકે વિશ્વાસભાઇ કાંતિભાઇ પટેલ તથા હેતલબેન ભરતભાઇ પટેલનાં નામો વારસાઇ હકકે દાખલ કરવામા. આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૨૩૭ થી તારીખ : ૧૧/૧૧/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૨૯/૧૨/૨૦૨૧ નાં રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનનાં માલીકોએ સદર જમીન બિનખેતીનાં હેતુ માટે પરવાનગી મેળવવા મહે. કલેકટર સાહેબશ્રી, સુરતનાંને અરજી કરતા તેમનાં હુકમ નંબર : ૫૪૪/૨૨/૦૮/૦૪૧/૨૦૨૨ થી તારીખ : ૨૨/૦૩/૨૦૨૨ નાં રોજનાં હુકમથી સદર જમીનમાં બિનખેતીની પરવાનગી આપવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૨૮૪ થી તારીખ : ૨૨/૦૩/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૨૫/૦૪/૨૦૨૨ નાં રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનમાં ખુલ્લા પ્લોટો અંગેના પ્લાન મંજુર કરવા અંગે સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુરતનાને ઓનલાઇન અરજી કરતા તેમની રજાચિઠ્ઠી નંબર : ૦૦૨LD૨૧૨૨૦૩૩૪ થી તારીખ : ૩૦/૦૩/૨૦૨૨ ના રોજ ખુલ્લા પ્લોટો અંગેના પ્લાન મંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું બ્લોક નંબર : ૧૬૮ થી નોંધાયેલ ૧૪,૫૧૨ ચો.મી. વાળી જમીન બિનખેતીનાં હેતુ માટે પરવાનગી આપતાં સદર જમીનનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ નું પાનીયુ બંધ કરવામાં આવેલ તથા સદર જમીનને સીટી સર્વે રેકર્ડમાં દાખલ કરવામાં આવતાં સીટી સર્વે કચેરી : સુરત-૩, સીટી સર્વે વોર્ડ : પાસાદરા (બિનખેતી), શીટ નંબર : NA૯૯, સીટી સર્વે નંબર : NA૧૬૮ ફાળવવમાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૨૯૫ થી તારીખ : ૧૨/૦૪/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૧૩/૦૫/૨૦૨૨ નાં રોજ પ્રમાણિત થયેલ.

આમ, **મોજે ગામ : પાસોદરા**ના બ્લોક નંબર : ૧૩૨, **રી-સર્વે બાદ નવો બ્લોક નંબર : ૧૬૮**, સીટી સર્વે કચેરી : સુરત-૩, **સીટી સર્વે વોર્ડ : પાસાદરા (બિનખેતી)**, શીટ નંબર : NA૯૯, **સીટી સર્વે નંબર : NA૧૬૮** થી નોંધાયેલ બિનખેતીની જમીન કે જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૫-૧૨ ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીન વિશ્વાસકુમાર કાંતીલાલ, કામીનીબેન વિશ્વાસકુમાર પટેલ, ઉજાસકુમાર વિશ્વાસકુમાર પટેલ તથા

Office : 501, 5th Floor, Sterling Point, Above Arihant jewelers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat-395006

**Kamlesh D. Khunt**
B.Com., LL.B.
ADVOCATE & NOTARY
( Govt. of INDIA )
Mo. : 98253 74551



હેતલબેન ભરતભાઇ પટેલનાંની માલીકી, કબજા, ભોગવટા હેઠળ ચાલી આવેલ અને સદર જમીનનાં માલીક સદરહું બિનખેતીની જમીનમાં મંજુર થયેલ પ્લાન મુજબ ॥ **શ્રૃંગલ હોમ્સ** ॥ ના નામથી વિવિધ સાઇઝના ખુલ્લો પ્લોટોવાળી સોસાયટીનું આયોજન આવેલ છે.

## :: પ્રમાણપત્ર ::

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ કામરેજ તાલુકાનાં **મોજે ગામ : પાસોદરા**ના બ્લોક નંબર : ૧૩૨, **રી-સર્વે બાદ નવો બ્લોક નંબર : ૧૬૮**, સીટી સર્વે કચેરી : સુરત-૩, **સીટી સર્વે વોર્ડ : પાસાદરા (બિનખેતી)**, શીટ નંબર : NA૯૯, **સીટી સર્વે નંબર : NA૧૬૮** થી નોંધાયેલ બિનખેતીની જમીન કે જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૫-૧૨ ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીન દરોબસ્ત અંગેના માલીકી, કબજેદાર તરીકેના હકક **વિશ્વાસકુમાર કાંતીલાલ, કામીનીબેન વિશ્વાસકુમાર પટેલ, ઉજાસકુમાર વિશ્વાસકુમાર પટેલ તથા હેતલબેન ભરતભાઇ પટેલ**ના ચાલી આવેલા છે જેઓના માલીકી અંગેના ટાઇટલ કલીયર, સંપુર્ણ અને માર્કેટેબલ અને બોજા મુકત છે.

**કમલેશ ડી. ખુંટ**
( એડવોકેટ & નોટરી )

સદરહુ મિલકત અંગે તેને લાગુ સબ-રજીસ્ટ્રાર કચેરી, જી. સુરત ખાતે છેલ્લા સંબધિત રેકર્ડની ૩૦ વર્ષની તપાસ કરતા તથા સરકારી અનીરોર પોર્ટલે રેવન્યુ રેકર્ડ તપાસ કરતા સદરહુ મિલકત ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો ચાર્જ, બોજો કે લીયન, યા લીઝ પેન્ડન્સી નોંધાયેલ માલુમ પડતા નથી. તેમજ તેને સંબધિત રેવન્યુ રેકર્ડ તથા મારી રૂબરૂ નીચે મુજબ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતા સદર મિલકતના હાલના માલીકના માલીકીપણા અંગેના ટાઇટલ બોજા મુકત, ચોખ્ખા અને માર્કેટેબલ માલુમ પડે છે.

**મારા તરફથી ચકાસણી કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓનું લિસ્ટ :-**

૧. સીટી સર્વેની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.
૨. ગામ નમુના નંબર : ૭/૧૨ તથા ૮/અ ની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.
૩. ગામ નમુના નંબર : ૬ ની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.
૪. કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુરત દ્વારા ખેતીની જમીનને બહુહેતુ માટે બિનખેતીની પરવાનગી આપતા હુકમની પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ.
૫. સુરત શહેરી વિકાસ સત્તામંડળ સુરતના રજાચિઠ્ઠી નંબર : ૦૦૨LD૨૧૨૨૦૩૩૪ થી તારીખ : ૩૦/૦૩/૨૦૨૨ ના રોજ પ્લાન મંજુર કરી સદર જમીનમાં પ્લોટોનો પ્લાન મંજુર કરી વિકાસ પરવાનગી આપવામા આવેલ હુકમની પ્રમાણીત થયેલ ઝેરોક્ષ નકલ.
૬. મંજુર થયેલ લે-આઉટ પ્લાનની પ્રમાણિત થયેલ ઝેરોક્ષ નકલ.
૭. શોધની રસીદ તથા બોજા પત્રકની અસલ નકલ.

**કમલેશ ડી. ખુંટ**
( એડવોકેટ & નોટરી )

Office : 501, 5th Floor, Sterling Point, Above Arihant jewelers, Hans Society, Beside Axis Bank, Varachha Main Road, Surat-395006

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં 132 નવો 168

Search in : પાસોદરા /PASODRA

| પહોંચ નંબર | ૨૦૨૨૧૧૫૦૦૦૨૬૨૭૨ | અરજી નંબર | ૧૨૦૪૭ | અરજી વર્ષ | ૨૦૨૨ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૧૬ | માહે | જુલાઈ | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ કમલેશ ડી ખુંટ (એડવોકેટ)

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી.........................................................................

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.........................................

શેરોની નકલ કરવા માટે ફી.........................................................

ટપાલ ખર્ચ..............................................................................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )...............................

શોધ અગર તપાસણી............Year: 1992 2022 ૪૨૦.૦૦

દંડ કલમ-૨૫.........................................................................

કલમ-૩૪ (કલમ-૫૭ )..............................................................

નકલ ફી ફોલીયો....................................................................

ઈન્ડેક્ષ-૨ ફી ........................................................................

| કુલ એકંદરે રૂ. | ૪૨૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા ચાર સો વીસ પુરા

દસ્તાવેજ ___________ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ___________________. આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB - REGISTRAR KAMREJ

DARSHANKUMAR AMRUTBHAI PATEL
સબ રજીસ્ટ્રાર
કામરેજ

અંકે રૂ. : 420.00

20220716301800097

સબ રજીસ્ટ્રાર, કામરેજ

1992

2022

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in કમલેશ ડી ખુંટ (એડવોકેટ) અરજી નંબર : 12047 ગામ નું નામ : PASODRA

મિલ્કતનું વર્ણન બ્લોક નં 132 નવો 168

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Surat Kamrej મા -31 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા________________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.
નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ---------------------- NO DATA AVAILABLE -------------------------- | | | | | | | | |
| રૂ. | | | | | | | | |

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Surat Kamrej